# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ મો : ૯૮૨૫૨૩૯૨૯૦ E-mail :- dee@nau.in, Website : www.nau.in


---

યુનિવર્સિટી એજયુકેશનલ મ્યુઝિયમનું કન્ટેન્ટ ફાઈનલ કરવા તા.૨૧/૦૬/૨૦૧૩ ના રોજ બપોરના ૨:૩૦ કલાકે યોજાયેલ બેઠકની કાર્ય નોંધ :

સદરહુ બેઠક માન. કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની અઘ્યક્ષતામાં યોજાયેલ હતી. જેમાં જુદા–જુદા વિભાગના વડાશ્રીઓ દવારા યુનિવર્સિટી એજયુકેશનલ મ્યુઝિયમના કન્ટેન્ટને લગતી માહિતી રજુ કરેલ હતી. જેમાં નીચે મુજબના સુચનો થયેલ :

(૧) ખેડની વિવિધ પઘ્ધતિઓની વિગત, ફર્ટીલાઈઝર મેનેઝમેન્ટ, વીડ મેનેઝમેન્ટ વગેરેને લગતી માહિતી સામેલ કરવી.(અમલઃ એગ્રોનોમી વિભાગ)

(૨) બાયોફર્ટીલાઈઝરનો પ્રાથમિક પરિચય, સ્ટ્રેઈન્સ, ફુગ જન્ય રોગો, જીવાણુંકારક રોગો તેમજ વાઈરસથી થતા મુખ્ય રોગો વગેરેને લગતી માહિતી સામેલ કરવી. (અમલઃ પ્લાન્ટ પેથોલોજી વિભાગ)

(૩) દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકોની માર્કેટીંગ ચેનલ્સને લગતી માહિતીનો સમાવેશ કરવો. (અમલઃ કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ)

(૪) સોઈલ સેમ્પલ કયાંથી ન લેવા તેની માહિતી ખાસ આપવી, ડાંગરમાં ઝીંક અને ફેરસની ઉણપની માહિતીનો સમાવેશ કરવો. (અમલ : સોઈલ સાયન્સ વિભાગ)

(૫) વિવિધ પાકોને લગતા બિયારણના નમુના જે તે વિભાગ દવારા મુકવા.

(૬) કીયોસ્કમાં આપવામાં આવનાર માહિતી ગુજરાતી તેમજ અંગ્રેજીમાં આપવી.

(૭) પોસ્ટરમાં અંગ્રેજી માહિતી સાથે અગત્યના કી–વર્ડસ (Key-words) ગુજરાતીમાં લખવા, જરૂર પુરતુ જ લખાણ રાખવું જેથી મુલાકાતીઓ સરળતાથી વાંચી શકે.

(૮) જુન માસના અંત સુધી પોતાના વિભાગના પોસ્ટર્સ, કિયોસ્ક તેમજ અન્ય ડિસ્પ્લે બોર્ડ પર મુકવામાં આવનાર માહિતી મિટીંગમાં ચર્ચા થયા મુજબ તૈયાર કરવી

(૯) યુનિવર્સિટી એજયુકેશનલ મ્યુઝિયમનું કન્ટેન્ટ ફાઈનલ કરવા માટે નકકી કરવામાં આવેલ કમિટીના અઘ્યક્ષશ્રી ડાં. જી.જી. રાદડીયા, કિટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય અને સભ્યશ્રીઓ (ડાં. એ.એમ. બાફના, ડાં. બી.વી. પઢિયાર, ડાં. આર.ડી. પંડયા) આ મિટીંગમાં થયેલ સુચનો મુજબ જે તે વિભાગ સાથે રીવ્યુ કરી ફાઈનલ કન્ટેન્ટ જૈન એક્ષ્પોઝીસન્સના ડિઝાઈનરને આપશે.

સહી/–

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. વિશિનિ/ડી–૨/વેબ પબ્લી.૬૦/૨૦૧૩
નવસારી તા. ૨૪/૦૬/૨૦૧૩